# સુરત મહાનગરપાલિકા
# ટ્રાફિક – બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ
# ૨૦૧૯–૨૦

➢ **મુદ્દા નં.૧ :– પોતાની સંસ્થા, કામગીરીઓ અને ફરજની વિગતો :–**

**The Particulers of its Organisation, functions and duties :-**

સુરત શહેરની વસ્તી છેલ્લા દાયકામાં ઘણી વધી ગઈ છે. આ દાયકાનાં અંત સુધીમાં આ વસ્તી ૭૦ લાખ ઉપરાંતના આંકડાને આંબી જશે. શહેરમાં સંપૂર્ણ પ્રકારની સામુહિક પરિવહનની સેવા નથી, જેને પરિણામે ખાનગી વાહનોની સંખ્યામાં ઉતરોત્તર વધારો નોંધાયેલ છે.

આમ, વધતી જતી વસ્તી તથા વાહનોની સંખ્યામાં થયેલ બેફામ વધારાને લીધે ટ્રાફિકની સમસ્યાઓ વકરી રહી છે અને સાથો સાથ પાર્કિંગ તેમજ પ્રદૂષણના પ્રશ્નો પણ ઉપસ્થિત થયેલ છે.

આજના સાંપ્રત સમયમાં શહેરમાં વિકટ થતી જતી યાતાયાતની પરિસ્થિતી હળવી કરવા શહેરમાં વાહન વ્યવહારના નવા વિકલ્પો જેવા કે – સીટી બસ, બી.આર.ટી. એસ. પ્રોજેકટ શરૂ કરી માસ ટ્રાન્સપોર્ટેશનના પ્રોજેકટમાં સુરત મહાનગરપાલિકાએ સફળતાના ડગ માંડેલ છે. ટ્રાફિક સમસ્યાનાં નિરાકરણ માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા શરૂઆતથી ટ્રાફિક ઈજનેરીને લગતા કામો સમયબધ્ધ રીતે કરવામાં આવે છે. આવા કામોમાં રોડ ડિવાઈડર બનાવવા, ટ્રાફિક સીગ્નલો બનાવવા, ટ્રાફિક આઈલેન્ડ બનાવી વ્યવસ્થિત સંચાલન કરવા તેમજ શહેરની સુંદરતામાં વધારો કરવા તથા લોકો નિર્વિઘ્ને સલામત રીતે રોડ ક્રોસ કરી શકે તે માટે ફુટ ઓવર બ્રીજ બનાવવા, ગેન્ટ્રી સાઈનેજીસ મૂકવા, રોડ માર્કિંગ કરવા, પે એન્ડ પાર્કનાં ટેન્ડરો બહાર પાડી ઈજારદારોને કામગીરી સોંપી સંબધિત ઝોન વિભાગો ધ્વારા સુપરવીઝન કરવા, બ્લીંકર્સ ઈન્સટોલ કરવા તેમજ શહેરીજનોને જુદી–જુદી માહિતી પૂરી પાડવા માટે વેરીએબલ "મેસેજ સીસ્ટમ" વિગેરે જેવા કાર્યો હાથ ધરવામાં આવેલ છે. આ તમામ ઈજનેરી કામોથી પણ સંપૂર્ણપણે ટ્રાફિકની સમસ્યા હલ થઈ શકતી નથી પરતું તેને માટે જરૂરી છે એક સુગ્રથિત સામુહિક પરિવહનની જે શહેરમાં હોય તે જ શહેર સારા દરે આર્થિક વિકાસ પામી શકે અને પ્રદૂષણ, પાર્કિંગ તથા ટ્રાફિક સમસ્યાઓ પર કાબુ મેળવી શકે.

**સીટી બસ સર્વિસ/બી.આર.ટી.એસ. બસ :–**

હાલમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેર માટે સીટી બસ સર્વિસ પુરી પાડવા અંતર્ગત ૫૭૫ નોન એસી મીડી બસની ચેસીસ ખરીદવાના ટેન્ડર મંજુર કરવામા આવેલ. જે પૈકી કુલ ૫૭૫ બસ સુરત ખાતે ડીલીવર થયેલ છે. જે તમામનું લોકાર્પણ કરી હાલમાં બસ ઓપરેશન હેઠળ છે અને કુલ ૧૬૬ બી.આર.ટી.એસ. બસ હાલમાં ઓપરેશન હેઠળ છે તથા કુલ ૧૫૮ બી.આર.ટી.એસ. બસ સ્ટેશન કાર્યરત છે. વધુ ૧૫૦ નંગ ઈલેકટ્રીક બસ ચલાવવા માટેની કામગીરી ચાલુ છે. તેમજ શહેર વિસ્તારમાં કુલ– ૪૧૬ જગ્યાએ બસ સ્ટોપ બનાવવામાં આવેલ છે. તથા ૧૦૬૪ લોકેશન પર પોલ ઉભા કરવામાં આવેલ છે અને સીટી બસ માટે ૦૪(ચાર) જગ્યાએ ડેપો કાર્યરત છે. તથા ૦૪(ચાર) સ્થળો પર નવા ડેપો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી ૦૩ (ત્રણ) ડેપો પર બાંધકામ પ્રગતિમાં છે અને અન્ય ૦૧ (એક) આયોજન હેઠળ છે.

સીટી બસ માટે સુરત રેલ્વે સ્ટેશન અને રંગ ઉપવન નજીક ચોક પાસે એમ બે સ્થળોએ બસ ટર્મીનલ તૈયાર કરેલ છે. વધુમાં, વાડીફળિયા ખાતે બસ ટર્મીનલ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે. નવી શરૂ થયેલ સીટી બસમાં GPS સીસ્ટમ, સીટી બસ મોબાઈલ એપ્લીકેશન જેવી આધુનિક સેવાઓ આપવામાં આવેલ છે.

**બી.આર.ટી.એસ. પ્રોજેકટસ :–**

❖ **ફેઝ–૧**

ફેઝ–૧ માં કુલ–૩૦ કિ.મી. લંબાઈનો BRTS રૂટ બનાવવાનું નિર્ધારીત કરેલ. જેમાં,

(અ) ઉધના દરવાજા થી સચીન સુધીનાં – ૧૦.૨ કિ.મી. નાં માર્ગને બી.આર.ટી.એસ. કોરીડોર તરીકે વિકસાવી ૧૭

આધુનિક સગવડવાળા બસ શેલ્ટર્સ સહિત સને ૨૦૧૪ માં ગુજરાત રાજયનાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં વરદ હસ્તે લોકાર્પણ વિધિ સંપન્ન કરી બી.આર.ટી.એસ. સેવાઓ શરૂ કરી કાર્યરત કરી દેવામાં આવેલ.

(બ) ડુમસ રીસોર્ટ કલબ Y જંકશન થી સરથાણા જકાતનાકા સુધીનાં ૧૯.૭ કિ.મી. ના માર્ગને પણ બી.આર.ટી.એસ. કોરીડોર તરીકે વિકસાવી ૩૫ આધુનિક સગવડવાળા બસ શેલ્ટર્સ સહિત સદર કોરીડોર પર તા.૨૦/૦૪/૨૦૧૫ના રોજ ગુજરાત રાજયનાં તત્કાલીન માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનાં વરદ હસ્તે લોકાર્પણ વિધિ સંપન્ન કરી બી.આર.ટી.એસ. સેવાઓ શરૂ કરી દેવામાં આવેલ.

આમ, બી.આર.ટી.એસ. ફેઝ–૧ જે કુલ્લે ૩૦.૦૦ કિ.મી. લંબાઈમાં પથરાયેલ છે જેમાં કુલ–૫૨ (બાવન) બસ શેલ્ટર્સ, ભેસ્તાન ખાતે વર્કશોપ અને ડેપો, બે ફલાય ઓવર બ્રીજ, એક ખાડી બ્રીજ, ખરવરનગર જંકશન પર ઈન્ટરચેન્જ તથા શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલ કેનાલમાં આર.સી.સી. બોક્ષની કામગીરીનો સમાવેશ થાય છે. સદર રૂટ પર બી.આર.ટી.એસ. સેવાઓ સંપૂર્ણપણે શરૂ થઈ ગયેલ છે.

❖ <u>ફેઝ–૨</u>

- બી.આર.ટી.એસ. ફેઝ–૨ અંતર્ગત કુલ ૪૧.૪૦ કિ.મી. લંબાઈનો બી.આર.ટી.એસ. રૂટ બનાવવાનું નિર્ધારીત કરેલ. જે અન્વયે કુલ ૯(નવ) કોરીડોર પર ૬૨(બાસઠ) બસ શેલ્ટર્સ, વર્કશોપ અને ડેપો, ૬ ફલાય ઓવર બ્રીજ / રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ.

બી.આર.ટી.એસ. ફેઝ –૨ અંતર્ગત ૪૧.૪૦ કિ.મી. લંબાઈના ૯ કોરીડોરને આધુનિક બી.આર.ટી.એસ. કોરીડોર તરીકે ડેવલપ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી (૧) પાલ થી અડાજણ પાટીયા તથા (૨) અડાજણ પાટીયા થી જહાંગીરપુરા સુધીના બી.આર.ટી.એસ. કોરીડોરની ટોટલ ૧૪ બસ શેલ્ટર્સ સહિત (૩) કોસાડ આવાસ થી કતારગામ સુધીના બી.આર.ટી.એસ. કોરીડોરની ટોટલ ૯ બસ શેલ્ટર્સ સહીત સદર બન્ને કોરીડોર પર તા.૨૮/૦૧/૨૦૧૬નાં રોજ ગુજરાત રાજયનાં માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ. (૪) SVNIT કોલેજ જંકશન થી ONGC બ્રીજ જંકશન સુધીના બી.આર.ટી.એસ. કોરીડોરની ટોટલ ૧૦ બસ શેલ્ટર્સ સહિતની સહીત સદર બન્ને કોરીડોર પર તા.૨૯/૦૨/૨૦૧૬ નાં રોજ લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ. (૫) જહાંગીરપુરા થી ગજેરા સર્કલ સુધીના ટોટલ ૦૭ બસ શેલ્ટર્સ સહીત સદર કોરીડોર પર તા.૨૯/૦૪/૨૦૧૬ નાં રોજ લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ, (૬) અણુવ્રત ધ્વાર થી શ્યામ મંદિર અને (૭) દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના ટોટલ ૧૧ બસ શેલ્ટર્સ સહિતની કામગીરી સહીત સદર કોરીડોર પર તા.૧૯/૦૫/૨૦૧૬ નાં રોજ લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ, (૮) મગોબ વર્કશોપ થી હીરાબાગ અને (૯) હીરાબાગ થી કાંસાનગર સુધીના ટોટલ ૦૮ બસ શેલ્ટર્સ સહિતની કામગીરી સહિત સદર કોરીડોરની પણ લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ છે. આમ, બી.આર.ટી.એસ. ફેઝ–૨ અંતર્ગત કુલ – ૯ કોરીડોર અંતર્ગત ૪૧.૪૦ કિ.મી. લંબાઈના કોરીડોર તથા ૫૯ બસ શેલ્ટરની કામગીરી પૂર્ણ કરી બી.આર.ટી.એસ. સેવાઓ શરૂ કરવામાં આવેલ.

❖ **<u>ફેઝ–૨ Extension</u>**

- બી.આર.ટી.એસ. ફેઝ–૨ (Extension) અંતર્ગત ૩૦.૬૦ કિ.મી. લંબાઈમાં કુલ ૦૭ બી.આર.ટી.એસ. કોરીડોર ડેવલપ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૪૩ (તેતાળીસ) બસ શેલ્ટર્સ બનાવવામાં આવેલ છે. ફેઝ–૨ એક્ષ્ટેશન અંતર્ગત નીચે મુજબના કોરીડોર બનાવવામાં આવેલ છે.

(૧) પ્રમુખ પાર્ક થી L.C.-3 ROB સુધી
(૨) L.C.-3 ROB થી કાંગારૂ સર્કલ સુધી
(૩) કાપોદ્રા જંકશન થી અમરોલી માન સરોવર જંકશન
(૪) સહારા દરવાજા થી કુંભારીયા સુધી
(૫) રેલ્વે સ્ટેશન થી હીરાબાગ સુધી
(૬) હીરાબાગ થી વાલક સીટી લીમીટ સુધી
(૭) વાલક સીટી લીમીટ થી કામરેજ ચાર રસ્તા સુધી

- વધુમાં જણાવવાનું કે વિવિધ મળતી રજુઆતો તેમજ બસ ઉપયોગ કરનાર પેસેન્જર્સની ઉપયોગીતા ધ્યાને લઈ રામકબીર મંદિર તથા ગોટાલાવાડી ખાતે વધારાના ૨(બે) બસ શેલ્ટર તથા કોરીડોર ડેવલપ કરવામાં આવેલ. તેમજ ત્યારબાદ અમરોલી માન સરોવર જંકશન બ્રીજની કામગીરી પૂર્ણ થતા બ્રીજ નીચે બી.આર.ટી. લેન તથા ૨(બે) બસ શેલ્ટર ડેવલપ કરવામાં આવેલ છે. જેમાં પણ બસ સેવા શરૂ કરી દેવામાં આવેલ છે.
- સુરત શહેરની મહત્વ ગણાતી એન્ટ્રી એવા સુરત –બારડોલી રોડ ઉપર હયાત સહારા દરવાજા થી કુંભારીયા સુધીના કોરીડોરને કુંભારીયા થી કડોદરા સુધી ૮.૦ કિ.મી.નો બી.આર.ટી.એસ. કોરીડોર ડેવલપ કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. જેનો અંદાજીત ૨૮.૦૦ કરોડ થનાર છે તથા તેના માટે કુલ રૂા.૨૨.૫ કરોડનું નાણાં ભંડોળ SUDA તરફથી મળેલ છે. જેમાં કુલ –૪(ચાર) બસ શેલ્ટર બનાવવાનું આયોજન છે.
- બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ અંતર્ગત અંદાજે **૧૦૨.૦૦** કિ.મી. લંબાઈના કોરીડોર, **૧૫૯** બસ શેલ્ટર તેમજ **૧૪** બ્રીજ તથા **૨** બસ ડેપો બનાવવા તેમજ અન્ય કામે કુલ **રૂા.૧૫૩૨.૨૪** કરોડનો અંદાજીત ખર્ચ થયેલ છે.

## પે એન્ડ પાર્ક:–

સુરત શહેર વિસ્તારમાં મહાનગરપાલિકાની જગ્યા/પ્લોટોમાં "પે એન્ડ પાર્ક" માં ઈજારો સોંપવા સૈધ્ધાતિક મંજુરી મેળવવાની તેમજ ટેન્ડર પ્રક્રિયા કરવાની કામગીરી ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ધ્વારા કરવામાં આવેલ છે. પે એન્ડ પાર્કના કુલ ૭૮(ઈઠયોતેર ) લોકેશન પૈકી ૬૦(સાંઠ) કાર્યરત છે. ફેબ્રુઆરી –૨૦૨૦ થી પે એન્ડ પાર્કની તમામ કામગીરી જે– તે ઝોન મારફત થઈ રહેલ છે.

## પબ્લીક બાઈસીકલ શેરીંગ સિસ્ટમ :–

તળ સુરત શહેરમાં વસ્તી અતિ ગીચ છે તથા રસ્તાઓ અત્યંત સાંકડા છે. તળ સુરતમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, કોર્મર્શીયલ, સરકારી સંકુલ, હેરીટેજ સ્થળો, વિવિધ બજારો, શાળાઓ, સરકારી ઓફિસો વિગેરે એકમો આવેલ છે. આ સ્થળોએ મુલાકાત લેતા નાગરિકો/પ્રવાસીઓ/રહેવાસીને ટુંકા સાંકડા માર્ગ પર યાતાયાતની સરળ અવર જવર કરવુ મુશ્કેલ બને છે. તેમજ અત્યંત સાંકડા અને ટુંકા માર્ગ પર થતા વાહન વ્યવહાર દરમ્યાન વાહનો માંથી સલ્ફર ડાયોકસાઈડ, કાર્બન મોનોકસાઈડ જેવા ઝેરી ગેસોનુ ઉત્સર્જન થાય છે. જેના લીધે પ્રદુષણની સમસ્યા પડકારજનક છે તેમજ હોર્નના અવાજથી ઘોંઘાટથી પણ પ્રદુષણ સર્જાય છે અને નાગરિકોના સ્વાસ્થ સામે પણ ખતરો ઉભો થયો છે. આથી પર્યાવરણની જાળવણી માટે ઝેરી વાયુનાં ઉત્સર્જન વિનાના નોન મોટરાઈઝડ ટ્રાન્સપોર્ટ જેવા કે, પબ્લીક બાયસીકલ શેરીંગ સીસ્ટમના પ્રોજેકટને સેન્ટ્રલ ઝોન તળ વિસ્તાર અને સુરત ડુમસ રોડ પર કુલ ૪૧૦ બાયસીકલ સહિતના કુલ ૪૨ સ્ટેશનો કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ સુરત શહેરના અન્ય વિસ્તારમાં સદર કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.

## ઓન સ્ટ્રીટ પાર્કિંગ:–

– સુરત શહેર વિસ્તારમાં કુલ ૨૧ રસ્તાઓ પર "ઓન સ્ટ્રીટ" પાર્કિંગ અમલીકરણ દરેક ઝોન મારફત શરૂ કરવામાં આવેલ છે. તથા ઓન સ્ટ્રીટ પાર્કિંગ અંતર્ગત પાર્કિંગ ચાર્જીસ તથા પેનલ્ટીની વસુલાત જે – તે ઝોન મારફત કરવામાં આવે છે. માર્ચ– ૨૦૨૦ સુધીમાં રૂા. ૫૮,૯૮,૧૭૫.૦૦ ની પાર્કિંગ ચાર્જીસ તથા પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ છે.

– બિન ઉપયોગી/ કન્ડમ વાહનોના નિકાલ અંગેની કાર્યવાહી મા. કમિશ્નરશ્રીએ મંજુર કરેલ Standard Operating Prouder મુજબ જે તે ઝોન મારફત કરવામાં આવે છે.

– ઓન સ્ટ્રીટ પાર્કિંગ અંતર્ગત વિવિધ ઝોનના કુલ ૧૮ રસ્તાઓ પર રેવન્યુ શેરીંગ પ્રથા મુજબ તદન હંગામી ધોરણે ૦૩ (ત્રણ) માસ માટે ઈજારદારોને કામગીરી સોંપવા અંગેનું કામ સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૧૦૪/૨૦૧૯, તા.૨૪/૧૦/૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે.

## મુદ્દા નં.૨ :– અધિકારીઓ/કર્મચારીઓનાં હોદ્દા અને ફરજો :–

## The Powers and duties of its Officers and Employees :-

| કર્મચારીનો હોદ્દો | કામગીરીની વિગત |
|---|---|
| કાર્યપાલક ઈજનેર (સિવિલ) | સુરત શહેર હદ વિસ્તારમાં ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ખાતાનાં વડા તરીકેની ફરજ બજાવવી, જેમાં ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલની તમામ કામગીરી ઉપર દેખરેખ રાખવી અને તાબા હેઠળના સ્ટાફ મારફત કામગીરી કરાવવી. ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલના કાર્યપાલક ઈજનેર તરીકે તેઓને વહીવટી તેમજ આર.ટી.આઈ. એકટ હેઠળ અપીલ અધિકારીની સત્તાઓ પ્રદાન કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસ કમિશ્નરશ્રી કે કલેકટરશ્રી ધ્વારા રાખવામાં આવતી ટ્રાફિક ને લગતી સંકલન મીટીંગ એટેન્ડ કરવી, રોડ સેફટી કાઉન્સીલને લગતી મીટીંગ એટેન્ડ કરવી. |
| ડે.ઈજનેર (સિવિલ) | –સુરત શહેર હદ વિસ્તારમાં કાર્યક્ષેત્ર હેઠળનાં તમામ આસી./જુની. ઈજનેરોને સોંપવામાં આવેલ ખાતાને લગતી વિવિધ કામગીરીનું સુપરવિઝન તેમજ સંકલનની કામગીરી.<br>– વધુમા કાર્યપાલક ઈજનેરશ્રી તરફથી મળતાં કોમન કામોનું સંકલન કરવુ.<br>– આરટીઆઈ એકટ અન્વયે જાહેર માહિતી અધિકારી તરીકેની કામગીરી<br>– પોતાના હાથ નીચેનાં કર્મચારીની કામગીરી નું અસરકારક નિયંત્રણ<br>– ટ્રાફિક પોલીસ કમિશ્નરશ્રી કે કલેકટરશ્રી ધ્વારા રાખવામાં આવતી ટ્રાફિક ને લગતી સંકલન મીટીંગ એટેન્ડ કરવી.<br>– રોડ સેફટી કમિટિને લગતી કામગીરી. |
| ડે. ઈજનેર(ઈલે.) | સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત ITMS, AFCS, ITCS વિગેરે તેમજ સ્વીંગ ગેટ, સીટી બસ, બી.આર.ટી.એસ. બસ, ઈલેકટ્રીક બસ, ચાર્જીંગ સ્ટેશન, ડેપો ઈન્ફ્રામાં ઈલેકટ્રીકને લગતી કામગીરીનું સુપરવીઝન તેમજ સંકલન. |
| આસી.ઈજનેર/ જુની. ઈજનેર (ઈલે.) | નવા સિગ્નલો મૂકવા તથા તેનું મેઈન્ટેનન્સ કરવાની કામગીરી, નવા સીટી બસ સ્ટોપમાં ઈલેકટ્રીકને લગતી કામગીરી, સીટી બસ ખરીદી કરવાની કામગીરી, હાઈમોબીલીટી કોરીડોરના બસ સ્ટોપના ઈલેકટ્રીક વાયરીંગની કામગીરી, નવા HMC માટે બસ ખરીદવાની કામગીરી, સીટી બસ ડેપોમાં ઈલેકટ્રીક વાયરીંગની કામગીરી. |
| આસી.ઈજનેર/ જુની.ઈજનેર (સિવિલ) | સુરત મહાનગરપાલિકાનાં પ્લોટ પર સીટી બસ માટે ડેપો / વર્કશોપ / ટર્મિનલ બનાવવા અંગેની કામગીરી, નવા બસ સ્ટોપ બનાવવાની તથા બસ સ્ટોપ પર ટાઈમટેબલ પ્રદર્શિત કરવાની કામગીરી, મલ્ટીલેવલ કાર પાર્કિંગ બનાવવાની કામગીરી, ટ્રાફિક આઈલેન્ડ/જંકશનની રીડીઝાઈનીંગની SVNIT ને સોંપેલ કામગીરી, ટ્રાફિક જંકશનો તથા રોડ પરના સાઈનેઝ મોડીફીકેશનના ટેન્ડરની કામગીરી, શહેર વિસ્તારમાં બમ્પ બનાવવા માટે ટ્રાફિક પોલીસનો અભિપ્રાય મેળવી આપવાની કામગીરી, જુદા જુદા ઝોન માટે લેન માર્કિંગ તથા પટ્ટા પાડવાના કામે થર્મોપ્લાટીક પેઈંટના ટેન્ડરની કામગીરી, રોડસેફટી કમિટિને લગતી કામગીરી, પોલીસ કમિશ્નરશ્રી કે કલેકટરશ્રી ધ્વારા યોજવામાં આવતી ટ્રાફિકને લગતી મીટીંગની સંકલનની કામગીરી, સ્કાય વોક તથા હાઈમોબીલીટી કોરીડોર અંગેની કામગીરી, ડી.બી.ઓ.ટી ધોરણે ફુટ ઓવર બ્રીજ બનાવવાની કામગીરી તથા ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સોંપવામાં આવતી કામગીરી. |
| સુપરવાઈઝર (સિવિલ) | સીવીલ કામોએ આસી.ઈજનેર/જુની.ઈજનેર ધ્વારા સોંપવામાં આવતી કામગીરી તથા કોન્ટ્રાકટર ધ્વારા સ્થળ પર ચાલતી સીવીલ કામગીરીનું સુપરવિઝન, સીવીલ વર્કનાં કામોનાં રજીસ્ટર નોંધણી તથા નિભાવની કામગીરી, અંદાજ બનાવવાની કામગીરી, ખાતાકીય ધોરણે ચાલતા સીવીલ કામો ઉપર સુપરવિઝન. |
| સુપરવાઈઝર (ઈલે.) | બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડને લગતી ઈલેકટ્રીકની તમામ કામગીરી તેમજ સુપર વિઝન,સ્વીંગ ગેટને લગતી તમામ કામગીરી તેમજ સુપર વિઝન. |
| ટેકનીકલ આસી.(સિવિલ) | આસી.ઈજનેર/જુની.ઈજનેરના માર્ગદર્શન હેઠળ તેમની સાથે સંકલનમા રહી ખાતાકીય તથા સાઈટ પરની કામગીરી કરવી. |
| ડ્રાફટમેન | ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલને લગતી કામગીરી જેવી કે આઈલેન્ડ, ચેનેલાઈઝર, રોડ ડિવાઈડરનાં નકશાઓનાં ડ્રોઈંગની કામગીરી. |

| | |
|---|---|
| **વાયરમેન** | શહેરનાં જુદા–જુદા જંકશનો ઉપર મૂકવામાં આવેલ ટ્રાફિક સિગ્નલ તથા બ્લીંકર્સ, ચકાસણી કરવાની કામગીરી. ટોરેન્ટ પાવર, દક્ષિણ ગુજરાત વિજ કું. લી.નાં વીજ બીલોની ચકાસણી તેમજ ચૂકવણી અંગેની કામગીરી. |
| **સેકશન ઓફિસર** | ઓફિસ કામગીરી ઉપર દેખરેખ તેમજ અગત્યનાં તુમારોનો તાકીદે નિકાલ કરવાની કામગીરી. |
| **આસી. એકાઉન્ટન્ટ** | ખાતાનાં રેવન્યુ ,કેપીટલ તથા પર્સનલ એડવાન્સ બીલો તેમજ કેપીટલ અને રેવન્યુ બજેટ તૈયાર કરવાની કામગીરી. |
| **પ્રથમ શ્રેણી કલાર્ક** | હાજરીપત્રક નિભાવવું, વહીવટ અહેવાલ તૈયાર કરવા, સ્ટોક રજીસ્ટર નિભાવવું, માહિતી એકત્ર કરી તૈયાર કરવાની કામગીરી અગત્યની નોંધ. સ્ટેન્ડીંગ ચેરમેન,કમિશ્નરશ્રીના પેપર્સ ફાઈલ કરવા. |
| **સીનીયર કલાર્ક** | કોન્ટ્રાકટરો, ઓફિસનાં બીલો તૈયાર કરી ચૂકવણી અંગેની કાર્યવાહી, RTI- એકટ અંગેની કામગીરી. તથા પે એન્ડ પાર્ક ના આવતા પ્લોટના તથા અન્ય કામે આવતા ભાડાની રસીદ બનાવી ભરણું જમા કરાવવાની કામગીરી. |
| **જુની.કલાર્ક** | ઓફિસ ટપાલો ઈનવર્ડ–આઉટવર્ડ કરવી, રજીસ્ટર ફાઈલ તૈયાર કરવી. કર્મચારીઓનાં એસ્ટાબ્લીશમેન્ટ અંગેની કામગીરી તેમજ ટેન્ડર અંગેની કામગીરી. |
| **પટાવાળા/બેલદાર** | આઉટવર્ડ ટપાલો લાગત ઓફિસોમાં પહોંચતી કરવી. તેમજ ખાતામાં આવેલ ટપાલો લાગત કર્મચારી સુધી પહોંચતી કરવી. |

**મુદ્દા નં.૩ :– નિરીક્ષણ (દેખરેખ) અને જવાબદારીનાં માધ્યમો સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમણે અનુસરવાની કાર્યરીતિ :–**

**The Procedure followed in the decision making process, including channels of supervision and accountability :-**

## TRAFFIC -BRTS PROJECT CELL



## મુદ્દા નં.૪ :– પોતાના કાર્યો બજાવવા માટે નકકી કરેલ ધોરણો :–

**The norms set by it for the discharge of its functions :-**

ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ વિભાગમાં સક્ષમ સત્તાએ મંજુર કરેલી રકમનાં ફાળવેલ બજેટનાં આધારે કામગીરી કરવામાં આવે છે. ટ્રાફિક વહનમાં સરળતા માટે ટ્રાફિક સિગ્નલને લગતી કામગીરી હાથ ધરવામાં આવે છે. ફુટ ઓવર બ્રીજનું નિર્માણ કરવું. ટ્રાફિક નિયમન માટે શહેરમાં મિકેનાઈઝડ મલ્ટીલેવલ કાર પાર્કીગ બનાવવાનું કામ વધુમાં, ટ્રાફિકની સમસ્યા નિવારણ માટે મલ્ટીલેવલ પાર્કિંગ, ફલાય ઓવર બ્રીજ નીચે તેમજ સુરત મહાનગરપાલિકાના ઓપન પ્લોટમાં અને રીક્રીએશન પ્લેસ (મનોરંજનના સ્થળો) પર પે એન્ડ પાર્કની કામગીરી તથા ઓનસ્ટ્રીટ પાર્કિંગના કામ અંતર્ગત ટેન્ડર મંજુર કરાવી અમલીકરણ માટે જે તે ઝોનને મોકલવાની કામગીરી, સ્માર્ટ સીટી અંતર્ગત સ્કાય વોક–વે બનાવવાનું કામ. ટ્રાફિક સંલગ્ન જુદા જુદા કામો કરાવવા, ટ્રાફિક જંકશનો/આઈલેન્ડ રીડીઝાઈન કરવા અંગે SVNIT ને સોંપવામાં આવેલ કામગીરી, શહેર વિસ્તારના જંકશનો/રસ્તાઓ પરના સાઈનેઝીસને મોડીફાઈ કરવાનુ કામ.

## ➢ મુદ્દા નં.૫ :– નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસે ઉપલબ્ધ દસ્તાવેજો :–

**A statement of the categories of documents that are held by it or under its control :-**

(૧) ટેન્ડર પ્રક્રિયાને અનુસરવાની ગાઈડલાઈન અને મંજુર થયેલ ટેન્ડરની ફાઈલ.

(૨) સીકયોરીટી ડિપોઝીટ, ફીકસ્ડ ડિપોઝીટ અંગે મંજુર થયેલ ટેન્ડરની વિગતો.

(૩) શહેરમાં જુદા–જુદા વિસ્તારમાં મૂકવામાં આવેલ.આધુનિક સીસ્ટમનાં ટ્રાફિક સિગ્નલોનાં લોકેશનો, બ્લીંકર્સ નિભાવણી અંગેનાં દસ્તાવેજો.

(૪) જુદા જુદા વિસ્તારમાં DBOT ધોરણે બનાવવામાં આવેલ FOB ની માહિતી.

(૫) જુદા જુદા વિસ્તારમાં બનાવવામાં આવેલ ગેન્ટ્રીની માહિતી.

(૬) જુદા જુદા વિસ્તારમાં આવેલ સુરત મહાનગરપાલિકા હસ્તકનાં તમામ "પે એન્ડ પાર્ક" ના લોકેશનોની માહિતી.

(૭) શહેરી વિસ્તારમાં નિયત કરવામાં આવેલ "ઓન સ્ટ્રીટ પાર્કિંગ" ના લોકેશનોની માહિતી

(૮) શહેરી વિસ્તારમા આવેલ મલ્ટિલેવલ પાર્કિંગના લોકેશનોની માહિતી

## ➢ મુદ્દા નં.૬ :– નીતિનાં અમલ સંબંધી જનતાનાં સભ્યો સાથે સલાહ પરામર્શ બાબતની વ્યવસ્થા :–

**The Particulars of any arrangement that Exists for consultation with or representation by, the members of the public in relation to the formulation of its policy or Implementation there of :-**

જાહેર જનતા તરફથી મળતી અરજીઓ જેવી કે , શહેરના ટ્રાફિક નિવારણ માટે સિગ્નલો ગોઠવવા તેમજ શહેરની પ્રજા રોજબરોજની માહિતથી જાણકારી મેળવે એ માટે વેરીએબલ મેસેજ સીસ્ટમની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેનાં ધ્વારા જનતા મેસેજ વાંચી શકે છે. જાહેર જનતાને રોજેરોજની હવામાનની જાણકારી, ફલડ અંગેની ઉકાઈ ડેમની પાણીની સપાટી અંગેની જાણકારી, કોઝવેની માહિતી, વેરાનાં બીલ બાબતની જાણકારી, એમ્બ્યુલન્સ સેવા ૧૦૮ ની જાણકારી, રસ્તો ઓળંગવા માટે ઝીબ્રા ક્રોસીંગની જાણકારી, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા અંગેની જાણકારી, વધુ વૃક્ષ વાવોનું સ્લોગન તેમજ સ્વચ્છ સુરત હરિયાળુ સુરતનાં સ્લોગનો પણ વેરીએબલ મેસેજ સીસ્ટમ ઉપરથી પ્રસારિત કરવામાં આવે છે.

## ➢ મુદ્દા નં.૭ :– વોર્ડ પરિષદ સમિતિનું પત્રક :–

**The statement of the boards, councils, committees and other bodies, consisting of two or more persons constituter as its part or for the purpose of its advice and as to whether meetings of those boards, councils, committees and other bodies are open to the public or the minutes of such meetings are accessible for public.**

**અત્રેના ખાતાની અલાયદી માહિતી નથી.**

## ➢ મુદ્દા નં.૮ :– ટ્રાફિક–બી.આર.ટી.એસ.પ્રોજેકટ સેલમાં ફરજ બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓની માહિતી

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તીકા બી.સી.એન.ટી. ૪૦/૦૪ વાઈઝ અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી WWW.SURATMUNICIPALGOV.IN પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે. તથા અત્રેનાં ખાતાનાં કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

## ➢ મુદ્દા નં.૯ :– દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતા માસિક મહેનતાણા :–

અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તીકા બી.સી.એન.ટી.૪૦/૦૪ વાઈઝ અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી WWW.SURATMUNICIPALGOV.IN પર સંયુકત રીતે મુકવામાં આવેલ છે. તથા અત્રેનાં ખાતાનાં કર્મચારીઓના મહેકમ દફતર તથા પગાર રજીસ્ટરની નકલ ખાતામાં ઉપલબ્ધ છે.

➢ **મુદ્દા નં.૧૦ :– તમામ યોજનાઓની વિગતો, થયેલ ખર્ચ અને ફાળવાયેલ બજેટ :–**

**The Budget allocated to each of its agencies, indicating the particulers of all plans, proposed expenditure and reports on disbursements made :-**

## સુરત મહાનગરપાલિકા
## ટ્રાફિક– બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

**તા. ૦૧/૦૪/૨૦૧૯ થી તા. ૩૧/૦૩/૨૦ દરમ્યાન હાથ ધરવામાં આવેલ પ્રોજેકટના કામોની વિગત**

| અ.નં | કામનું નામ | ટેન્ડર રકમ (રૂા.. પૈસામાં) | ૨૦૧૯–૨૦માં થયેલ ખર્ચ (જી.એસ.ટી. સહિત) | રીમાર્કસ (કામગીરીનું સ્ટેટસ) |
|---|---|---|---|---|
| 1 | Fabrication And other Miscellenious Work At City Bus Depo/BRTS Bus Depo in various locations Of Rander Zone Area. | 1500000.00 | 80537.45 | કામગીરી પૂર્ણ |
| 2 | Providing and Fixing Ctiy Bus Route information Sticker and other Modification on Marker Pole in Athwa Zone, Rander Zone and Central Zone in Surat City Area | 1500000.00 | 94116.00 | કામગીરી પૂર્ણ |
| 3 | Providing And Fixing City Bus Route Details And Bus Stand Name on City Bus Stand in CityBus Route within Different Area Of Surat City . | 1500000.00 | 59158.00 | કામગીરી પૂર્ણ |
| 4 | Construction of 16.0m x 9.0m Shed on Service Pit and Washing Area at T.P.No.-60(Puna) , F.P. R-39 (as per TR) in varachha Area , Surat. | 811890.20 | 495000.00 | કામગીરી પૂર્ણ (ફાયનલ બીલ બાકી) |
| 5 | Providing and laying storm line,Inlet chamber,Manholes as per requirement for existing city bus depot at T.P.S no 10(Pal),F.P.No 209,O.P.No 92/2 near L.P.Savani school,Surat. | 328964.46 | 20655.87 | કામગીરી પૂર્ણ |
| 6 | Construction of Store Room, Collection room/ETM Charging room, Security cabin, Washing ramp, Paking Shed & Sliding Gate for Bus Depot at T.P. Scheme No-48 (Bhestan) F.P. No.-79 in South (Udhna) Zone area, Surat. | 1500000.00 | 445000.00 | કામગીરી પૂર્ણ |
| 7 | Barbed wire Fencing at City Bus / BRTS Bus parking Plots / Bus Depot | 500000.00 | 336995.75 | કામગીરી પૂર્ણ |
| 8 | MODIFICATION WORK IN CITY BUS STOP ON DOWN ROUT ON DUTCH GARDEN IN C.Z. | 54749.98 | 54749.98 | કામગીરી પૂર્ણ |
| 9 | "Supply, Installation, Commissioning and Maintenance for warranty period of Complete Traffic Signal Blinkers" at various places of Surat City | 349500.00 | 0 | કામગીરી પૂર્ણ ફાયનલ બીલ ઓડીટમાં રવાના |
| 10 | Construction, Erection and fabrication of City Bus Stops at various locations of West Zone in Surat city | 97007234.15 | 155441.80 | કામગીરી પૂર્ણ |
| 11 | Const. Fabrication And Erction Of City Bus Stop At Various Location Of South Zone In Surat City | 61143889.66 | 757728.75 | કામગીરી પૂર્ણ |
| 12 | Construction, Eraction and Fabrication of City Bus stop at Various location of North zone in Surat City. Package 2 (Work 02). | 56975782.02 | 373733.28 | કામગીરી પૂર્ણ |
| 13 | Construction, Erection and Fabrication of City Bus Stops at various locations of South East Zone (Limbayat) in Surat city | 44668800.46 | 708706.36 | કામગીરી પૂર્ણ |

| અ.નં | કામનું નામ | ટેન્ડર રકમ (રૂ.. પૈસામાં) | ૨૦૧૯–૨૦માં થયેલ ખર્ચ (જી.એસ.ટી. સહિત) | રીમાર્કસ (કામગીરીનું સ્ટેટસ) |
|---|---|---|---|---|
| 14 | Construction, Erection and Fabrication of City Bus Stops at various locations of South West Zone (Athawa) in Surat city | 101570441.14 | 678871.92 | કામગીરી પૂર્ણ |
| 15 | Request for Proposal (RFP) for selection of Bus Body builder for Body building of USB-II complaint BS-IV 75 (Nos.) AC Diesel Buses for Surat City Bus Services for S.M.C. | 57630000.00 | 0 | કામગીરી પૂર્ણ ફાયનલ બીલ ઓડીટમાં રવાના |
| 16 | Misc.Civil work at City Bus/BRTS Bus Depot & Parking Plots for Buses at Various location in West Zone,sura | 150000 0.00 | 381276.99 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 17 | Providing and Fixing Marker Pole including City Bus Route Detail on Marker Pole / bus stops at different location of city bus service of Surat Municipal Corporation. | 1270760.43 | 287717.98 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 18 | Construction, Erection and Febrication City Bus Stops At Central Zone | 33482530.96 | 132382.56 | કામગીરી પૂર્ણ |
| 19 | Various Civil Work of Workshop / Depot for Public Bicycle Sharing System Project at T.P. Scheme No 01 (lal darwaja), F.P. 34 ( Patel vadi ), Near Shivanjali Row House , North zone (katargam) S.M.C, Surat. | 200000.00 | 199507.91 | કામગીરી પૂર્ણ |
| 20 | Construction of Under Ground Water tank and washing area for at T.P. 7 (Vesu-Magdalla) F.P -130 Reserved for sale for commercial in South West (Athwa) Zone of Surat City for development of temporary City Bus Depot/Workshop. | 700000.00 | 644000.00 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 21 | Annual Rate Contract for providing & fixing various signages in BRTS lane of BRTS Phase-2 corridor of surat city | 4306250.25 | 820000.00 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 22 | Work of Development of Temporary City Bus Depot/Workshop at T.P. 7(Vesu-Magdalla), F.P.130. Reserved plot for "sale for commercial" in South West(Athwa) zone of Surat City | 1500000.00 | 1099988.18 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 23 | CONSTRUCTION OF DEPOT/TERMINAL FOR CITY BUS SERVICES AT T.P.-19 (Paravat-Magob) in Limbayat Zone | 18683597.27 | 1930000.00 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 24 | Construction of City Bus Depot/Terminal and Workshop at T.P. scheme no. 28 (Althan - Bhatar), F.P. No. 157 (District Centre Purpose) in South West (Athwa) Zone, Surat under AMRUT Yojana. | 87101378.89 | 8350000.00 | કામગીરી પ્રગતિ હેઠળ |
| 25 | Construction of BRT Corridor from Katargam Darwaja to Kosad for package-9 for Surat BRTS phase-II. | 864719915.55 | 166000.00 | – કોરીડોરની મુખ્ય કામગીરી પૂર્ણ – સદર કામના સેવીંગમાંથી સહારા દરવાજા થી કુંભારીયા BRTS Ext. ની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| 26 | Construction of BRTS Corridor & Construction, fabrication and erection of 2 bus shelters along Surat Navsari Road to dindoli L.C.3 ROB via pramukh park ROB for Surat BRTS Phase II Ext. in Surat City. | 142445034.07 | 0.00 | – કામગીરી પૂર્ણ – ફાયનલ બીલ રવાના |

| અ.નં | કામનું નામ | ટેન્ડર રકમ (રૂા.. પૈસામાં) | ૨૦૧૯–૨૦માં થયેલ ખર્ચ (જી.એસ.ટી. સહિત) | રીમાર્કસ (કામગીરીનું સ્ટેટસ) |
|---|---|---|---|---|
| 27 | Construction of BRTS Corridor & Construction, fabrication and erection of 12 bus shelters along Ring Road Sahara Darwaja to Kumbharia (Surat Bardoli Road) for Surat BRTS Phase II Ext. in Surat City. | 241685872.23 | 5640000.00 | મૂળ કોરીડોરની કામગીરી તા.૨૬/૦૩/૨૦૧૭ થી પૂર્ણ કરી લોકાર્પણ કરેલ છે. સદર કામના સેવીંગમાંથી અમરોલી–માનસરોવર જંકશન બ્રીજ નીચે બે વધારાના બસ શેલ્ટર ડેવલપ કરવામાં આવેલ જેની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| 28 | Construction of BRTS Corridor & Construction, fabrication and erection of 05 bus shelters along Railway Station to Hirabaug Via Varacha Road for Surat BRTS Phase II Ext. in Surat City. | 140755999.66 | 42279000.00 | – કામગીરી પૂર્ણ<br>– સદર કામના સેવીંગમાંથી કુંભારીયા થી કડોદરા BRTS Ext. ની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| 29 | Construction of BRTS Corridor & Construction, fabrication and erection of 11 bus shelters along Hirabaug to Valak city limit for Surat BRTS Phase II Ext. in Surat City. | 215998381.49 | 26785000.00 | – કામ પૂર્ણ<br>– નાના વરાછા ગામ પાસે વધારાના બસ શેલ્ટરની કામગીરી પૂર્ણ<br>– સદર કામના સેવીંગમાંથી કુંભારીયા થી કડોદરા BRTS Ext. ની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| 30 | Construction of BUS Depot and Workshop for Surat BRTS Project at Kosad in Surat City. | 136177174.34 | 0.00 | – કામગીરી પૂર્ણ<br>– ફાયનલ બીલ રવાના |
| 31 | Construction of remaining work (service road) of BRT Corridor from Surat Navsari Road to Dindoli L.C.3 ROB and Dindoli L.C.3 ROB to Surat - Bardoli Road for Surat BRTS Phase II Extension in Surat City | 79276853.86 | 9000000.00 | – કામગીરી પૂર્ણ<br>– ફાયનલ બીલ રવાના |
| 32 | Supply, installation & Automated Sliding door RFID Readers & RF controllers different Bus station & RF Switches & RFID Tags | 61548900.32 | 0.00 | – કામગીરી પૂર્ણ<br>– ફાયનલ બીલ બાકી |
| 33 | Automatic Swing gate pahse-1 | 17420832.00 | 802000.00 | – કામગીરી પૂર્ણ<br>– ફાયનલ બીલ બાકી |
| 34 | Automatic Swing gate pahse-2 | 21441214.00 | 0.00 | – કામગીરી પૂર્ણ<br>– ફાયનલ બીલ બાકી |
| 35 | Automatic Swing gate pahse-2 Ext | 16583262.00 | 0.00 | – કામગીરી પૂર્ણ<br>– ફાયનલ બીલ બાકી |

**સુરત મહાનગરપાલિકાના સંપૂર્ણ બજેટ અંગેની માહિતી પુસ્તિકા હિસાબી શાખામાંથી મળી શકશે. સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે.**

➢ **મુદ્દા નં.૧૧ :– ફાળવાયેલ રકમ અને કાર્યક્રમોમાંથી ફાયદો (લાભાર્થીઓ) મેળવનારની વિગતો સહિત સબસીડી (આર્થિક સહાય) કાર્યક્રમોનાં અમલનો પ્રકાર :–**

**The manner of Execution of subsidy programmes, including the amount allocated and the details of beneficiaries of such programmes :-**

**સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે. અત્રેનાં ખાતાની અલાયદી માહિતી નથી.**

➢ **મુદ્દા નં.૧૨ :– તેના ધ્વારા અપાયેલી છૂટછાટો (રાહતો), પરવાનગીઓ અને સત્તા સોંપણી મેળવનારની વિગતો :–**

**Particulars of recipients of concessions, permits or authorisations granted by it :-**

**સીનીયર સીટીઝન અને વિધાર્થી ઓ માટે ૪૦% કન્સેશન તથા માસિક પાસ હોલ્ડર માટે ૨૦% કન્સેશન રાખવામાંઆવેલ છે.**

➢ **મુદ્દા નં.૧૩ :– ઈલેકટ્રોનિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી :–**

**Details in respect of the information, available to or held by it reduced in an Electronics form :-**

**શહેર વિસ્તારમાં જુદી–જુદી કુલ ૩૧ જગ્યાએ આધુનિક ટ્રાફિક સિગ્નલો કાર્યરત કરવામાં**

**આવેલ છે.**

**હાલમાં શહેરમાં નીચે જણાવેલ જંકશનો પર ટ્રાફિક સિગ્નલો કાર્યરત છે.**

| અ.નં. | ટ્રાફિક સિગ્નલ જંકશનોના નામ | અ.નં. | ટ્રાફિક સિગ્નલ જંકશનોના નામ |
|---|---|---|---|
| ૧ | ભાગળ ચાર રસ્તા | ૨ | ચોક બજાર |
| ૩ | અઠવાગેટ | ૪ | સર્કિટ હાઉસ |
| ૫ | આર.ટી.ઓ. રીંગરોડ | ૬ | એલ.બી.સિનેમા ભટાર |
| ૭ | મજુરાગેટ | ૮ | સૂર્યપુરગેટ રેલ્વે સ્ટેશન |
| ૯ | યુનિયન પાર્ક ઘોડદોડ રોડ | ૧૦ | સહારા દરવાજા |
| ૧૧ | કડીવાળા રીંગરોડ | ૧૨ | પોદાર આર્કેડ વરાછા |
| ૧૩ | ચોકસીની વાડી અડાજણ | ૧૪ | કિન્નરી સિનેમા રીંગરોડ |
| ૧૫ | નવસારી બજાર | ૧૬ | મીની બજાર વરાછા |
| ૧૭ | રામચોક ઘોડ દોડ રોડ | ૧૮ | લંબેહનુમાન પોલીસ ચોકી |
| ૧૯ | પ્રાઈમ માર્કેટ અડાજણ | ૨૦ | નગીનાવાડી કતારગામ |
| ૨૧ | સીંગણપોર ચાર રસ્તા | ૨૨ | કાપોદ્રા ચાર રસ્તા |
| ૨૩ | હોળી બંગલા | ૨૪ | ટીમલીયાવાડ નાનપુરા |
| ૨૫ | વ્હેર હાઉસ વરાછા | ૨૬ | હની પાર્ક અડાજણ |
| ૨૭ | રઘુકુળ ટેક્ષટાઈલ માર્કેટ આંજણા | ૨૮ | પાલનપુર જકાતનાકા |
| ૨૯ | ઉધના દરવાજા | ૩૦ | દિલ્હી ગેટ |
| ૩૧ | અમીષા હોટલ સ્ટેશન | | |

**મુદ્દા નં.૧૪ :–પુસ્તકાલય અથવા વાંચનખંડનાં કામનાં કલાકો સહિત માહિતી મેળવવા**

**માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો, જો જાહેર ઉપયોગ માટે તેની જાળવણી કરાય હોય તો**

**The Particulars of facilities available to citizens for obtaining information, including the working hours of a library or reading room, if maintained for public use :-**

**સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ સાથે સંયુકત છે. અત્રેનાં ખાતાની અલાયદી માહિતી નથી.**

- **મુદ્દા નં.૧૫ :– જાહેર માહિતી અધિકારીનું નામ અને હોદ્દો :–**

**The names, designation and other particulars of the Public Information officers.**

**સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPALGOV.IN પર નજીકના ટૂંકા ગાળામાં ફેરફાર થયેલ હોય તે સિવાયના મહદઅંશે સંયુકત રીતે મુકવામાં આવેલ છે. અને તે પણ સમય અંતરે અધતન કરવામાં આવશે.**

- **મુદ્દા નં.૧૬ :– ઠરાવી શકાય તેવી અન્ય કોઈ માહિતી અને ત્યારબાદ દર વર્ષે આ પ્રકાશનોને અદ્યતન કરવી જોઈશે :–**

**Such other information as may be prescribed and thereafter update these publications every year :-**

સુરત શહેરમાં જુદી–જુદી જગ્યાઓએ રાહદારીઓ માટે રસ્તો ક્રોસ કરવા લીફટ (એલીવેટર) ટાઈપ ફુટ ઓવર બ્રીજ બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ. તદઉપરાંત ઓડીયો સીસ્ટમ ધરાવતાં પેડેસ્ટ્રીયન સિગ્નલ સીસ્ટમનું આયોજન પણ છે.

**ફુટ ઓવર બ્રીજનાં ફાયદા :–**

- વધુ ટ્રાફિક ભારણનાં વિસ્તારોમાં વધુ સુરક્ષા
- સ્કુલે જતાં બાળકો, વરિષ્ઠ નાગરિકો અને અપંગ વ્યકિતઓમાં વધુ સુરક્ષાની ભાવના
- વાહન વ્યવહાર તેમજ રાહદારીઓ વચ્ચે ટ્રાફિકનાં કોન્ફલીકટ દૂર થાય.
- ટ્રાફિક કાયદાનાં અમલીકરણમાં સુધારો
- અકસ્માતમાં ઘટાડો

સુરત શહેર વિસ્તારમાં ડી.બી.ઓ.ટી. (DBOT) ના ધોરણે એસ્કેલેટર/ લિફટ તેમજ અન્ય સુવિધા સહ બનાવવામાં આવેલ ફુટ ઓવર બ્રીજનાં સ્થળોની યાદી :

| અ.નં. | લોકેશન |
|---|---|
| ૧ | વરાછા મેઈન રોડ ચોપાટી પાસે (એસ્કેલેટર સાથે) |
| ૨ | એકેડમી સ્કુલ સ્વામી નારાયણ મંદિર પાસે, ઉધના – નવસારી રોડ (એસ્કેલેટર સાથે) |
| ૩ | એ.પી.એમ.સી. માર્કેટ (સરદાર માર્કેટ) પાસે, કડોદરા મેઈન રોડ |
| ૪ | માન દરવાજા ડો.બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમા પાસે |
| ૫ | ઈસ્કોન મોલ પાસે, સુરત – ડુમસ રોડ (એસ્કેલેટર સાથે) |
| ૬ | સુરત મહાનગરપાલિકાએ બનાવેલ હયાત એફ.ઓ.બી. (૧) અઠવા ચોપાટી પાસે |
| ૭ | સુરત મહાનગરપાલિકાએ બનાવેલ હયાત એફ.ઓ.બી. (૨) નવી સીવીલ હોસ્પિટલ પાસે |
| ૮ | પાલ રોડ નવી આર.ટી.ઓ. ઓફીસ પાસે |
| ૯ | 'વાય' જંકશન વી.આર. મોલ પાસે (એસ્કેલેટર સાથે) |
| ૧૦ | અડાજણ GSRT બસ પોર્ટની સામે, અડાજણ પાટીયા |

● હાથ ધરવામાં આવનાર અન્ય ફુટ ઓવર બ્રીજનું લોકેશન :–

❖ભવિષ્યમાં શરૂ થનાર ફુટ ઓવર બ્રીજ

**(૧) ભવિષ્યમાં શરૂ થનાર ફૂટઓવર બ્રીજ :**

| | |
|---|---|
| **૧** | **કામરેજ ચાર રસ્તા પાસે (સંભવિત)** |
| **૨** | **કળશ સર્કલ,દિલ્હી ગેટ પાસે,રીંગરોડ** |

**(૨) પ્રગતિ હેઠળ (બાકી)**

| | |
|---|---|
| **૧** | **પોદાર કોમ્પ્લેક્ષ સામે, વરાછા રોડ. (કામગીરી સ્થગિત છે)** |
| **૨** | **પત્રકાર કોલોની પાસે, ઉધના ઝોન** |
| **૩** | **વનીતા વિશ્રામ ગ્રાઉન્ડ પાસે– મહાવીર હોસ્પિટલ (કામ ચાલુ છે.)** |

**<u>સુરત મહાનગરપાલિકા ધ્વારા ૦૭ ફુલ ગેન્ટ્રી બનાવવામાં આવેલ છે.</u>**

| અ.નં. | ઝોનનું નામ | લોકેશન |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | આર.ટી.ઓ જંકશન |
| ૨ | સેન્ટ્રલ ઝોન | જેલ દરવાજા |
| ૩ | સેન્ટ્રલ ઝોન | ફોરેન્સીક લેબ,ફાલસાવાડી,રીંગરોડ |
| ૪ | પૂર્વ ઝોન | ન્યુ બોમ્બે માર્કેટ પાસે (ફલાય ઓવર બ્રીજમાંનડતરરૂપ હોય, હાલ ઉતારી લેવામાં આવેલ છે.) |
| ૫ | પૂર્વ ઝોન | કામરેજ જુના જકાતનાકા પાસે |
| ૬ | પૂર્વ ઝોન | જલારામ ફર્નીચરની સામે, કાપોદરા, વરાછા મેઈન રોડ |
| ૭ | અઠવા ઝોન | એવરસાઈન માર્બલ પાસે ઉધના મગદલ્લા રોડ |

➢ **<u>મુદ્દા નં.૧૭</u>** :– બાકીની માહિતી ટ્રાફિક સેલ આર.ટી.આઈ પ્રોએકટીવ ડીસ્કલોઝર ફાઈલ નં.ર માં સામેલ છે.